# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

**(રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગુજરાત સરકાર)**
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,ભાવનગર
જિલ્લા રમતગમત અધિકારી,ભાવનગર શહેર
(સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ) ઈન્ડોર એડમીન હોલ,સીદસર રોડ ,ભાવનગર
E-Mail Add :- dso-sycd-bvncity@gujarat.gov.in

ક્રમાંક જા.નં.જીરગઅ/ભાવ/ખેમકું ૨૦૨૫ રા.કક્ષા. ટેબલ ટેનીસ/૨૩ થી ૬૫ /૨૦૨૬ તા:-૫/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજ્ય

વિષય :- ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા ટેબલ-ટેનીસ .૧૧,૧૪,૧૭,ભાઈઓ/બહેનોની સ્પર્ધા કાર્યક્રમ બાબત

સંદર્ભ :- માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંક: એસ.એ.જી./ખેમકું ૨૦૨૫ /૨૦૨૫-૨૬

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬ અંતર્ગર્ત રાજ્યકક્ષાની ટેબલ ટેનીસ રમતની અં.૧૧,૧૪,૧૭ જૂથની ભાઈઓ અને બહેનોની સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકુલ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સીદસર રોડ, ભાવનગર ખાતે તા. થી દરમ્યાન થનાર છે. જે અંગેની આપના જીલ્લાની ઓનલાઈન રજીસ્ટ્રેશન દરેક KMK ID સાથેની એન્ટ્રી તા ૧૧/૦૧/૨૦૨૬ સુધીમાં **dso-sycd-bvncity@gujarat.gov.in** ઈમેઈલ અચૂક મોકલી આપવા તેમજ ખેલાડીઓને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી

**રીપોર્ટીગ/નિવાસ સ્થળ :- સરદાર પટેલ રમત સંકુલ (સ્પોર્ટ્સ હોસ્ટેલ) સીદસર રોડ, ભાવનગર**

**સ્પર્ધા સ્થળ:- મલ્ટી પર્પઝ ઇન્ડોર હોલ, સરદાર પટેલ રમત સંકુલ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સીદસર રોડ, ભાવનગર**

**સંપર્ક નંબર:- (૧) વી.એમ.જળેલા:- ૯૮૨૫૫૫૭૨૬૫ (૨) ચાવડા યશભાઈ :-૮૪૬૦૧૬૩૨૪૮**
**(૩) ડેરૈયા અમનભાઈ :-૯૯૯૫૬૦૧૬૦ (૪)સુદર્શન મેશરે ૯૯૯૮૨૩૦૬૭૮**

| | વયજૂથ | રીપોર્ટીંગ તારીખ ,સમય | સ્પર્ધા તારીખ | ઇવેન્ટ |
|---|---|---|---|---|
| ૦૧ | અન્ડર-૧૧ ભાઈઓ/બહેનો | ૧૬/૦૧/૨૦૨૬ સાંજે ૪:૦૦ કલાક થી ૮:૦૦ કલાક સુધી | ૧૭/૦૧/૨૦૨૬ સવારે ૯:૦૦ કલાકે | સિંગલ્સ |
| ૦૨ | અન્ડર-૧૭ ભાઈઓ/બહેનો | ૧૭/૦૧/૨૦૨૬ સાંજે ૪:૦૦ કલાક થી ૮:૦૦ કલાક સુધી | ૧૮/૦૧/૨૦૨૬ સવારે ૯:૦૦ કલાકે | સિંગલ્સ |
| ૦૩ | અન્ડર-૧૪ ભાઈઓ/બહેનો | ૧૮/૦૧/૨૦૨૬ સાંજે ૪:૦૦ કલાક થી ૮:૦૦ કલાક સુધી | ૧૯/૦૧/૨૦૨૬ સવારે ૧૨:૦૦ કલાકે | સિંગલ્સ |

<u>સ્પર્ધા અંગેની જરૂરી સુચના</u>

- **પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.**
- **જિલ્લાકક્ષા માંથી રાજ્યકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતમાં પ્રથમ અને દ્રિતિય વિજેતા ખેલાડી જ ભાગ લઈ શકશે**
- **“રેકેટ” રમતમાં જિલ્લાકક્ષા માંથી રાજ્યકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતમાં અં-૧૪ અને ૧૭ માં ૫ ખેલાડી અને અં-૧૧ માં ૦૩ ખેલાડીઓએ ભાગ લેવાનો રહેશે.**
- **તમામ ખેલાડીઓ એ નિયમ મુજબ તમામ મેચ પૂર્ણ કરીને જ જવાનું રહેશે. અન્યથા પ્રવાસ બીલ ચૂકવવામાં આવશે નહીં.**
- **ટીમના દરેક ખેલાડીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવી.તેમજ ઓનલાઈન આઈ.ડી.નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોઆના એકજ વયજૂથમાં ભાગ લેવાનો રહેશે. ખેલાડીઓએ ફરજીયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ જોડવી(ઓરીઝનલ સાથે) અને ભાગ ખેલાડીઓનાં જન્મ તારીખ/રહેઠાણનાં પુરાવા સાથે લાવવાનાં રહેશે.**
- **દરેક ખેલાડીઓએ પોતાની બેંક ખાતાની વિગતો સાથે લાવવાની રહેશે.(કેન્સલ ચેક અથવા બેંક પાસબુકની કોપી)**
- **સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત છે. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુક્શાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થું ચૂકવવામા આવશે નહીં.**
- **સ્પર્ધા દરમ્યાન જો કોઈ ઈજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે. સ્પર્ધા સ્થળે ઋતુ અનુસાર બેડિંગ સાથે લાવવું.**
- **ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર અને કોચે આવવાનું રહેશે અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.**
- **જે તારીખે જે વયગ્રુપની સ્પર્ધા હોય તેમનેજ આવવાનું રહેશે અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.**

- પ્રવાસ ખર્ચનાં નાંણાં મેનેજરનાં બેંક ખાતામાં કે ચેકથી ચુકવવામાં આવશે. જેથી મેનેજરે કેન્સલ ચેક અથવા બેંક ખાતાની વિગત સાથે લઈને આવવાનું રહેશે.
- રીપોર્ટીંગ કરતી વખતે દરેક ટીમ દીઠ ૨૦૦૦ રૂપિયા ડીપોઝીટ જમા કરવાની રહેશે.
- સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક નિવાસ ખાલી કરી પરત જવાનું રહેશે.
- સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નીકળવા માટેની સુચનાં મેનેજરને આપવાની રહેશે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ખેલાડી,કોચ મેનેજર અને સ્પોર્ટીંગ સ્ટાફે બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. સરકારી ટ્રાન્સપોર્ટમાં મુસાફરી ન કરેલ હોય તેવા સંજોગોમાં પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં આવનાર ટીમની સાથેના મેનેજરશ્રીએ તમામ ખેલાડી પાસેથી વાલીનું સંમતિપત્ર મેળવી લેવાનું રહેશે.
- કોઈપણ સ્પર્ધા દરમ્યાન આખરી નિર્ણય ચીફ રેફરીનો રહેશે જેને પડકારી શકશે નહીં.
- સ્પર્ધા દરમ્યાન કોઈપણ પ્રકારનો વિવાદ કે વાંધો હોય તો તે ટીમના મેનેજરશ્રીએ/કોચશ્રીએ રૂ.૫૦૦/-ની પ્રોટેસ્ટ ફી સાથે લેખિતમાં ચીફ રેફરીને ૩૦ મિનીટની અંદર અરજી કરવાની રહેશે. સમયસર અરજી નહીં કરે તો તે અરજી રદ ગણાશે.
- જિલ્લામાંથી જતી ટીમ સાથે ખેલાડી, કોચ અને મેનેજર સિવાય અન્ય કોઇપણ બિન અધિકૃત વ્યક્તિએ ટીમ સાથે લઈ જઈ શકશે નહીં.
- જિલ્લામાંથી  સ્પધા સ્થળે તથા સ્પર્ધા સ્થળેથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોંચ્યાની જાણ વાલી દ્વારા ટીમ મેનેજરશ્રીને જાણ કરવાની રહેશે અને ટીમ મેનેજર દ્વારા તમામ ખેલાડીની જાણ સંબંધિત આયોજકને ટેલીફોનીક/લેખિત કરવાની રહેશે.



જિલ્લા રમતવિકાસ અધિકારી
ભાવનગર



જિલ્લા રમતગમત અધિકારી
ભાવનગર

નકલ સવિનય રવાના :-

૧. માન.અગ્ર સચિવશ્રી,રમત,ગમત,યુવા અને સાંસ્કુતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર
૨. માન. ડાયરેક્ટર જનરલશ્રી,સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
૩. માન.કલેક્ટરશ્રી,કલેક્ટર કચેરી,ભાવનગર
૪. માન.કમિશ્નરશ્રી,ભાવનગર મહાનગરપાલિકા.
૫. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ભાવનગર
૬. માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ભાવનગર
૭. માન.સચિવશ્રી,સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
૮ માન. આસી. ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
૯ માન.ટીમ લીડરશ્રી, ખેલ મહાકુંભ ૨૦૨૫, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૧૦ માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,ભાવનગર
૧૧. માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,ભાવનગર
૧૨. માન.શાસનાધિકારીશ્રી, ભાવનગર
૧૩. માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,ભાવનગર (સ્પર્ધા દરમ્યાન ઇજાગ્રસ્ત ખેલાડીઓને પ્રાથમિક સારવાર પૂરી પાડવા માટે આપની કક્ષાએ મેડિકલ ટીમ હાજર રાખવા બાબત)
૧૪. માન.નાયબ ,માહિતી નિયામકશ્રી,ભાવનગર,વિના મૂલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારું
૧૫. માન.હેડ કોચ/નોડલ અધિકારીશ્રી, ભાવનગર ટેબલ ટેનીસ સ્પર્ધા
૧૬. માન.પ્રમુખ/મંત્રીશ્રી,ગુજરાત રાજ્ય ટેબલ ટેનીસ એસોસીએશન
૧૭. માન.પ્રમુખ/મંત્રીશ્રી,જિલ્લા વ્યાયામ મંડળ,ભાવનગર